સંકલિત બાળ વિકાસ યોજના (આઇસીડીએસ) યોજના અંતર્ગત આંગણવાડી કેંદ્રોમાં પુરક પોષક આહાર બનાવવા વિટામીન "એ" તથા "ડી" યુક્ત સીંગતેલનો ઉપયોગ કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૧૮/૫૧૭/બ

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૦/૦૯/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) ભારત સરકારના પત્ર Secretary WCD- DO. No 25/16/2015- Nutrition Desk તા.10/7/2017

પ્રસ્તાવના-

આઇસીડીએસ યોજના અંતર્ગત આંગણવાડી કેંદ્રો મારફતે પુરક પોષણનો લાભ લેતા ૩ થી ૬ વર્ષના લાભાર્થિઓ માટે વિટામીન " એ" તથા " ડી " યુક્ત રીફાઇન્ડ કપાસીયા તેલનો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. ગાંધીનગર મારફતે જથ્થો મેળવી પુરક પોષણ આહાર બનાવવામાં આવે છે.

ઠરાવ:

આંગણવાડી કેન્દ્રના ૩ થી ૬ વર્ષના પુરક પોષણ આહારના લાભાર્થીઓ માટે પુરક પોષક આહાર બનાવવા માટે રીફાઇંન્ડ કપાસીયા તેલના બદલે સીંગતેલ નો ઉપયોગ તેના પોષણ મુલ્યોની દ્રષ્ટીએ વધુ હિતાવહ છે, તે ધ્યાને લેતા આંગણવાડી કેન્દ્રો પુરક પોષક આહાર બનાવવા રીફાઇન્ડ કપાસીયા તેલના બદલે વિટામીન " એ" તથા " ડી " થી ફોર્ટીફાઇડ કરેલ સીંગતેલ આપવાનું રહેશે. સીંગતેલ ફોર્ટીફિકેશન બાબતે વંચાણે લેવામાં આવેલ સંદર્ભથી આપવામાં આવેલ સુચનાઓ ધ્યાને લેવાની રહેશે. સીંગતેલ જથ્થો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા ખરીદ કરવા ઠરાવવામાં આવે છે.

કપાસીયા તેલની સામે સીંગતેલનો વપરાશ કરવાથી વાર્ષિક ખર્ચ રૂ.૬૬,૬૨,૩૨,૭૭૬/- થશે. એટલે ખર્ચમાં વાર્ષિક રૂ.૧૩,૯૦,૮૨,૭૨૪/- નો વધારો થશે. વર્ષ ૨૦૧૮-૧૯ ના બાકી મહિનાઓ માટે (નવેમ્બર ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૯ સુધીનો) ૫ માસ માટે રૂ.૫,૭૯,૫૧,૧૩૫.૦૦/- નો વધારાનો ખર્ચ ચાલુ વર્ષના સુધારેલ અંદાજમાં સમાવેશ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકઃ ની ફાઇલ ઉપર માન. મંત્રીશ્રી ના તા.૧૪/૮/૨૦૧૮ તેમજ નાણાં વિભાગની તા. ૩૧/૮/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

ARChristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય અન્ન અને નાગરીક પુરવઠા નિગમ લી. ,ગાંધીનગર

૨. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ ની કચેરી, ગાંધીનગર

૩. સર્વે કલેક્ટરશ્રીઓ.

૪. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ

૫. જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ – તમામ

૬ અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રીઓ.– તમામ

૭. પુરવઠા અધિકારીશ્રીઓ તમામ.

૮. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇ.સી.ડી.એસ. તમામ

૯. પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા (અર્બન) . તમામ

૧૦.પ્રાંત અધિકારીશ્રી તમામ.

નકલ જાણ અર્થે :-

૧. માન.મંત્રીશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકની બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી.

૨. માન.મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ કલ્યાણ.

૩. માન.રા.ક. મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણ.

૪. અધિક મુખ્ય સચિવશ્રી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકની બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી.

૫. સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ.

૬ નિયામકશ્રી (આઇસીડીએસ) મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર.

૭. નાણા સલાહકારશ્રી મહિલા અને બાળ વિકાસ,નાણા વિભાગ સચિવાલય ગાંધીનગર

૮. વિભાગના Web-site

૯. સીલેકટ ફાઇલ.